**ફોજદારી કેસ નં. 5472/2025**

**આંક – ૦૫**

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપી જાહેર રોડ ઉપર પોતાનું વાહન પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે અને લોકોની જિંદગી જોખમાય તે રીતે હંકારી જે અંગે ફરીયાદીની ફરીયાદ ઉપરથી બી.એન.એસ. કલમ ૨૮૧ મુજબનું ચાર્જશીટ રજૂ રાખેલ છે.

૨. આરોપી તરફે આંક – ૦૪ ગુન્હા કબૂલાત ની પુરશીશ રજૂ થતાં આંક – ૦૩ પ્લી રેકર્ડ કરતાં આરોપી તરફે સ્વેચ્છાપૂર્વક ગુન્હાની કબૂલાત કરેલ છે આરોપીની સ્વેચ્છિક કબૂલાત નહી માનવાને કોઈ કારણસર રહેતું નથી.

૩. કેસની હકીકત આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબૂલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રાજ્ય વિરુધ્ધ નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર. ૨૦૦૫(૧) પાનાં નં. ૭૦૯ ) આપેલ સમજૂતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હિત સચવાય તેમ છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પૂરતા કારણો જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૫ અન્વયે બી.એન.એસ.ની કલમ ૨૮૧ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂ. ૫૦૦/– અંકે રૂ. પાંચસો પુરાનો દંડ અને દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ફરમાવું છુ.

પોલીસ જો મુદ્દામાલ વાહન કબજે કરેલ હોય તો ખાતરી કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સિટિંગમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૩/૦૯/૨૦૨૫**
**છોટાઉદેપુર**
**સ્પે.સિટીંગ (નેશનલ લોકઅદાલત)**

**( એ. એચ. મકરાણી )**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ છોટાઉદેપુર**
**(જી.જે. ૦૧૧૩૭)**